# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ,	તા. ૩૧/૧૦/૨૦૧૭

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- **રેવન્યુ સેક્રેટરી શ્રી હસમુખભાઈ અઢીયા સાથે સુરત ભાજપના પ્રતિનિધિ મંડળે મુલાકાત કરી**
- **૨૦ લાખ કરતા ઓછી આવકવાળા અનરજીસ્ટર્ડ વેપારીઓ પાસેથી ટ્રાન્સપોર્ટર હવે વગર GST નંબરનો માલ બુકીંગ લઈ શકશે**
- **GSTR 3B ને સંપૂર્ણ રૂપથી હટાવી દેવા, GST રીટર્નમાં રીવીઝન ઓપ્શન લાવવા તથા GST પોર્ટલમાં ચાલાન એડીટ ઓપ્શનની સુવિધા સાથે અન્ય મુદ્દાઓ પર જરૂરી સુધાર લાવવા શ્રી હસમુખભાઈ અઢીયાએ આશ્વાસન આપ્યું.**

સુરત તા. ૩૧

GST ના સરલીકરણ અને કપડા વેપારીઓની અન્ય સમસ્યાઓને આવરી લઈ સુરત શહેર ભાજપના એક પ્રતિનિધિ મંડળે રેવન્યુ સેક્રેટરી શ્રી હસમુખભાઈ અઢીયા સાથે મુલાકાત કરી હતી.

શ્રી હસમુખભાઈ અઢીયાએ પ્રતિનિધિ મંડળને સાંભળી GST સંબંધિત કેટલીક માંગોને સ્વીકારી લઈ તેમજ અન્ય પ્રશ્નોના સમાધાન માટે પણ ખાતરી આપી હતી. સુરતથી ગયેલા પ્રતિનિધિ મંડળમાં નવસારીના સાંસદશ્રી સી.આર. પાટીલ, સુરતના સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, શહેર ભાજપના મહામંત્રી શ્રી કિશોરભાઈ બિંદલ, ધારાસભ્ય શ્રી હર્ષભાઈ સંઘવી, મંત્રી શ્રી નાનુભાઈ વાનાણી અને અગ્રણી કપડા વેપારી શ્રી કૈલાશભાઈ ધૂતે મુલાકાત કરી વેપારીઓને GST અંગે મુંઝવતા પ્રશ્નો શ્રી હસમુખભાઈ અઢીયા સમક્ષ મુક્યા હતા.

સુરત સહિત દેશના નાના–મોટા કપડા વેપારીઓની માંગ પર GST કાઉંસીલ તથા કેન્દ્ર સરકારે નીચે મુજબના સુધાર કર્યા છે.

(૧) ૨૦ લાખથી ઓછી આવકવાળા અનરજીસ્ટર્ડ વેપારીઓ પાસેથી ટ્રાન્સપોર્ટર હવે પછી વગર GST નંબરનો માલ બુક કરાવી શકશે.

(૨) અનસ્ટીચ સલવાર સુટ પર 5% GST લાગશે તેમજ પહેલાની ૧૦૦૦/– સુધીની લિમીટ પર પૂર્ણ વિરામ મુકી દેવાયું છે.

(૩) અન્ય દેશોમાંથી આયાત થનાર ટેક્સટાઈલ ફેબ્રિક્સ પર હવેથી 20% આયાત શુલ્ક લેવાશે.

નીચે મુજબની માંગો પર સૈધ્ધાંતિક સહમતિ બની છે.

(૧) GST રીટર્ન ભરવાની સમસ્યાના સમાધાનરૂપે હવેથી દરેક વેપારી ૩ મહિનાના રીટર્ન ભરી શકશે. (જેમાં વાર્ષિક ટર્ન ઓવરની કોઈ લિમીટ નથી). આગામી દિવસોમાં મળનાર GST કાઉન્સીલની મિટીંગમાં આ મુદ્દાને સર્વસંમતિથી પાસ કરી દેવાશે. એવી પૂરેપૂરી સંભાવના છે.

(૨) રાષ્ટ્રીય ઈ–વે બિલ પણ તુરંત લવાશે. ઈ–વે બિલની ખાસ વાત એ રહેશે કે વિક્રેતા, ખરીદનાર અને ટ્રાન્સપોર્ટર કોઈ પણ ઈ–વે બિલ બનાવી માલ મોકલી શકશે.

(૩) ૧૦ કિલોમીટરની સીમા વધારવા મુદ્દે અમે રાજ્યોને પણ સમાવી લેવા માંગણી કરી છે.

(૪) GST રીટર્નમાં રિવીઝન ઓપ્શન હોવું જોઈએ.

(૫) GST પોર્ટલમાં ચાલાન એડીટ ઓપ્શનની પણ સુવિધા હોવી જોઈએ.

# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

નીચે મુજબની માંગો પર વિચાર–વિમર્શ કરી આવશ્યક સુધાર કરવા માટે શ્રી હસમુખભાઈ અઢીયાએ આશ્વાસન આપ્યું છે.

(૧) GSTR 3B ને સંપૂર્ણ રૂપથી હટાવી દેવાશે.

(૨) ઈલેકટ્રોનિક કેશ ડિપોઝીટ લેજર એકાઉન્ટમાં ઈન્ટરનલ સેટ ઓફની સુવિધા આપવી.

(૩) સરકારના નિર્દેશ મુજબ જેમણે ARN પર માલ લીધેલ છે. તેઓને GST, ITC રીફંડની સુવિધા આપવી.

(૪) GST રીટર્ન તારીખ લાઈબલીટીથી શરૂ કરવામાં આવે.

(૫) GST રીટર્નની તારીખ VAT નિયમ મુજબ ન હોઈ શકે. 10-15-20

(૬) કંપોઝીશન સ્કીમની સીમા ૨ કરોડ સુધી કરવામાં આવે. (ઈન્કમટેક્સ સેકશન 44 AD અનુસાર).

(૭) અમારા માટે GST કાયદો નવો છે. માટે પહેલા અમોને યોગ્ય સમજણ આપવામાં આવે અને ૧ વર્ષ સુધી કોઈ પણ દંડથી મુક્ત રાખવામાં આવે.

